**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૪/૦૨/૨૦૧૬ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૬૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી ૨૬૮ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૬૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૬૫/૧૬**

**ખાડીયાઃ** બપન અજીતદાસ (રહે.મણીનગર કર્ણાવતી એપાર્ટમેન્ટ હીરાભાઈ ટાવર સામે મણીનગર) એ તા.૨૩/૨/૧૬ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૨/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે બપન અજીતદાસએ લાલાનો ખાંચો પતાશા પોળ દુકાન નંબર ૧૭૦ ખાતે આરોપી અખ્તર ઉર્ફે અઝીમ રમઝાન મંડલ (રહે.હુગલી પશ્ચિમ બંગાળ)ને સોનાની હીરા જડીત વીંટી કિમત રૂપિયા ૯,૦૦,૦૦૦/- પોલીસ કરવા આપેલ જે વિંટી લઈ, આરોપી દુકાન બંધ કરી બપન અજીતદાસ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ આર સંગાડા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૬૬/૧૬**

**વટવાઃ** છોટેલાલ રામવિલાસ પટેલ (રહે.ચંદનગર આર્યમાન ફ્લેટની સામે નારોલ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૨/૧૬ સવારના ૯/૦૦ થી બપોરના ૩/૨૫ વાગ્યા દરમ્યાન જલારામ એસ્ટેટ મોના ફેબ્રીકેશન નામના કારખાના નજીક પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી લેપટોપ, કેમેરો અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>નદીમાંથી લાશ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૬૭/૧૬</u>**

**સાબરમતી રિવરફ્રંટ ઈસ્ટઃ** તા.૨૩/૨/૧૬ કલાક ૧૨/૧૦ વાગ્યાના સુમારે સાબરમતી રીવરફ્રંટ રેન્ક નજીક નદીમાંથી સાબરમતી રીવરફ્રંટ ઈસ્ટ પોલીસને મહેશભાઈ નાગરભાઈ પરમાર (ઉ.વ.૨૨) (રહે.શાહપુર શંકરભુવનના છાપરાં પરમારની ચાલી શાહપુર)ની લાશ મળી આવતા સાબરમતી રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામજીભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૬૮/૧૬</u>**

**ગાયકવાડ હવેલીઃ** કોકીલાબહેન ઉર્ફે જુલીબહેન રમેશભાઈ ધારૂ (ઉ.વ.૨૨) (રહે.જમાલપુર સરદારબ્રીજ હેલ્થ સ્ટાફ ક્વાર્ટર્સ બ્લોક નંબર-૨ જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૨/૧૬ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૨/૨/૧૬ રાતના ૯/૪૫ વાગે તેમનુ મૃત્યુ નુપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પન્નાલાલ બદાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)